# રખડતાં ઢોર નિયંત્રણ કાયદો રદ કરવા પશુપાલકોએ આવેદન પત્ર આપ્યું

## ગુજરાત માલધારી મહાપંચાયત આંદોલન સમિતિના નેજા હેઠળ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર

ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં શહેરી વિસ્તારમાં રખડતાં ઢોર મામલે વિધેયક પસાર કરવામાં આવતાં માલધારી સમાજમાં આક્રોશ ફાટી નિકળ્યો હતો જેના પગલે સરકારે આ કાયદાને હાલ પુરતો સ્થગિત રાખવાનો નિર્ણય લીધો હતો. બીજી તરફ આજે ગાંધીનગરમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગુજરાત માલધારી મહાપંચાયત આંદોલન સમિતિના નેજા હેઠળ શહેરના માલધારી અગ્રણીઓ દ્વારા આવેદન પત્ર આપીને કાયદો મોકુફ નહીં પરંતુ કાયદાને રદ કરી પરત ખેંચવા માટે માંગ કરી હતી.



આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગાંધીનગરના પૂર્વ કોર્પોરેટર જીતુભાઈ રાયકા તેમજ યુવા અગ્રણી રઘુભાઈ રબારી સહિત માલધારી મહાપંચાયતના અગ્રણીઓ જોડાયાં હતાં.

અગાઉ જાહેર કર્યા મુજબ આજે ગુજરાત માલધારી મહાપંચાયત આંદોલન સમિતિ દ્વારા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું જેમાં માલધારીઓને સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવેલા ઢોર નિયંત્રણ કાયદાને પરત ખેંચવા ઉપરાંત રાજ્યની મહાનગરપાલિકાઓ દ્વારા પકડવામાં આવેલાં રખડતાં ઢોરને મુક્ત કરી ડબ્બા દંડને ઘટાડવા તેમજ ખોરાકીન દરમાં ઘટાડો કરવા માંગ કરવામાં આવી છે. આ સાથે ઢોરને છોડાવવા માટે કલમ ૯૦-અ મુજબ ભરવામાં આવતી પોલીસ ચાર્જશીટ રદ કરવા તેમજ ગૌચરોને દબાણમુક્ત કરવા માંગ કરવામાં આવી છે.



હનુમાન જયંતિ નિમિત્તે સહકાર કોલોની, સેક્ટર-૨૫, નવરાત્રી ચોક ખાતે વક્તા પાર્થ શાસ્ત્રી નાં મધુર કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદરકાંડ પાઠનો લાભ લેવા સર્વ નગરજનો મોટી સંખ્યામાં હજાર રહ્યાં હતાં તથા કેક કાપીને અનોખી રીતે હનુમાનજીનાં જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી અને ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.





## ઉત્તર ત્રીપુરામાં શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિવિધ સેવાકાર્ય

ઉત્તર ત્રીપુરાની બે શાળામાં સીલીંગ પંખાનું વિતરણ સાથે બે ટીમને ફૂટબોલનું વિતરણ કર્યુ હતુ. તથા ચાર હજારથી વધારે સ્ટીકર તથા ભગવાનના ફોટા પણ આપ્યા હતા અને ૩ ઉષા કંપનીના સીલાઈ મશીન આનંદ બજારમાં બહેનોની હોસ્ટેલમાં પણ આપ્યા હતા. દવાનો સ્ટોક જે વધ્યો હતો તે બીએસએફ કંપની-૨૦, પાનીસાગરમાં આપ્યો હતો. આ સમગ્ર કાર્યમાં સ્થાનિક દુષાભિયા ખુબ મદદમાં આવ્યા હતા. જે કેમ્પમાં કાર્યકર્તાનું બહુમાન માળા પહેરાવી મિલિન્દ ગુમેએ કર્યુ હતુ. ઘણા સ્થાનિક કાર્યક્રમમાં પણ સમિતિએ ભાગ લીધો હતો.

ઉત્તર ગુજરાતમાં સર્જાશે 'શ્વેત વિકાસ'નો પ્રકાશ પુંજ : હિમાંશુ ઉપાધ્યાય

# ૪.૫ લાખ દૂધ ઉત્પાદકોની અથાગ મહેનત અને અડગ નિશ્ચયથી બનાસ ડેરીને મળી વૈશ્વિક ઓળખ

## સમગ્ર દેશમાં બનાસકાંઠા એકમાત્ર એવો જિલ્લો છે કે જ્યાં એક જિલ્લામાં બે મોટી ડેરી

ગાંધીનગર, તા. ૧૮

કોઠાસૂઝ અને અડગ નિશ્ચય હોય તો કોઈ કઠિનમાં કઠિન કામ પણ પાર પડી શકે તેની પ્રતીતિ બનાસકાંઠા જિલ્લાની ૪.૫ લાખ દૂધ ઉત્પાદકોએ કરાવી છે. આ દૂધ ઉત્પાદક પરિવારોમાં મહિલોનું યોગદાન અમૂલ્ય હોય છે. ઠંડી, ગરમી અને વર્ષા એમ ત્રણેય ઋતુની પરાકાષ્ઠાનો સતત સામનો કરતો બનાસકાંઠા જિલ્લો આજે દૂધ ઉત્પાદન થકી 'શ્વેત વિકાસ'ની પરાકાષ્ઠા તરફ ડગ માંડવા સજ્જ બન્યો છે. સમગ્ર દેશમાં બનાસકાંઠા એકમાત્ર એવો જિલ્લો છે કે, જ્યાં એક જિલ્લામાં બે મોટી ડેરી છે. એટલુ જ નહીં, પરંતુ છેલ્લા સાત વર્ષમાં બનાસ ડેરીએ વિકાસની હરણફાળ ભરીને નવા આયામો સર કર્યા છે. 'સ્વ'ના બદલે બીજાના હિતનો વિચાર કરીને પૂજ્ય ગલબાભાઈ પટેલે બનાસ ડેરીની સ્થાપના કરી હતી જે આજે વટવૃક્ષ બની છે.

બનાસકાંઠા જિલ્લાના દિયોદર નજીક સણાદર ખાતે ૧૫૧ વીઘામાં નિર્માણ પામેલ બનાસ ડેરી સંકુલ, પોટેટો પ્રોસેસિંગ અને પ્રોડક્ટ યુનિટ તથા દૂધવાણી કોમ્યુનીટી રેડીયો સ્ટેશન (એફ.એમ. ૯૦.૪)નું આવતી કાલે તારીખ ૧૯ એપ્રિલ-૨૦૨૨, મંગળવારના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ કરાનાર છે. કાર્યક્રમના સ્થળેથી વડાપ્રધાનના હસ્તે બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમૂર્હત કરવામાં આવશે. ઈ-લોકાર્પણમાં બનાસ ડેરીના ચીઝ અને વ્હે પાવડર પ્લાન્ટ વિસ્તૃતીકરણ, પાલનપુર, બનાસ ગોબર ગેસ પ્લાન્ટ અને બાયો સી.એન.જી. સ્ટેશન, દામા (ડીસા) અને ઈ-ખાતમુહૂર્તમાં નવીન ચાર ગોબરગેસ પ્લાન્ટ- ખીમાણા, રતનપુરા (ભીલડી), રાધનપુર અને થાવર (ધાનેરા)નો સમાવેશ થાય છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવકારવા બનાસવાસીઓમાં અનેરો આનંદ અને ઉત્સાહ છે. આ કાર્યક્રમમાં સહભાગી થવા સભાસદ



મહિલાઓ ગામે ગામ ફરીને આમંત્રણ આપ્યું હોય તે પણ કદાચ સૌ પ્રથમ ઘટના છે.

હાલના સમયમાં બનાસ ડેરી વિશ્વને સફળ ગાથા સુણાવી રહી છે. સાચુ પુછો તો બનાસ ડેરી બનાસકાંઠાના ખેડૂતોની જીવાદોરી છે. આજે બનાસ ડેરી આખા દેશમાં જાણીતું નામ બની ગયું છે. આ ડેરીએ છેલ્લાં સાત-આઠ વર્ષમાં ઉડીને આંખે વળગે એવી અદભુત કામગીરી કરી છે, જેના કારણે તે માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી ડેરી પણ બની ગઈ છે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી કહે છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો બનાસ ડેરી સાથે જૂનો નાતો છે. વર્ષ ૨૦૦૨માં જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ બનાસકાંઠા અને બનાસ ડેરીને તેમનુ દીર્ઘદ્રષ્ટીપૂર્ણ માર્ગદર્શન સમયાંતરે મળતું રહ્યું છે. તેમણે આપેલા વિચારબીજ ક્રમશઃ વટવૃક્ષ બનતા જાય છે. તેના ફળ આજે બનાસકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાત અને આસપાસના લોકો મેળવી રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

બનાસ ડેરીની સાથે જોડાયેલી મહિલા પશુપાલકોનો ડેરીના વિકાસમાં સિંહ ફાળો છે. બનાસકાંઠાની મહિલાઓ ભલે ઓછું અક્ષરજ્ઞાન ધરાવતી હોય પરંતુ તેમની કોઠાસૂઝ અને પશુપાલન વ્યવસાયમાં અથાગ મહેનતને કારણે આજે બનાસ ડેરીએ જગતભરમાં આગવી ઓળખ ઊભી કરી છે. બનાસડેરીની મહિલા પશુપાલકોએ સાબિત કર્યું છે કે, મહિલાઓમાં અપાર શક્તિઓ છે. પોતાના પશુપાલનના વ્યવસાય દ્વારા પોતાના પરિવાર તેમજ બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી મહિલાઓ પોતાના પરિવારને આત્મસન્માનપૂર્વક આગળ ધપાવી રહી છે. સો સો સલામ છે આવી મહિલા પશુપાલકોને કે, જેમણે દેશ અને દુનિયાને ગુજરાતની નારીશક્તિની અનોખી પહેચાન કરાવી છે.

# વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગના હોદ્દેદારોની પરિચય બેઠક





ગાંધીનગર, તા. ૧૮

વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગના ગાંધીનગર જિલ્લા અને મહાનગરની મુખ્ય હોદ્દેદારોની પરીચય બેઠકનું આયોજન આંતરરાષ્ટ્રીય કન્વીનર પૌરસભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તેમજ યુથ વિંગ સંગઠન કો-ઓર્ડીનેટર આકાશ પટેલ અને ગાંધીનગરના પ્રદેશ હોદ્દેદાર યુવરાજસિંહ ચાવડા, તન્મય પટેલની ઉપસ્થિતમાં મધુર ડેરી, ગાંધીનગર મુકામે કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય મહેમાન તરીકે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા , એસપીજી પ્રવક્તા અને સામાજિક યુવા અગ્રણી પૂર્વીન પટેલ (પકાલાલ) ઉપસ્થિત રહીને સૌ યુવાનોને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

સી.કે. પટેલના વિઝન અનુસાર આગામી સમયમાં ગામડાના છેવાડાથી લઈને વિશ્વના ખૂણે ખૂણે સુધી વિશ્વ ગુજરાતી સમાજનું મજબૂત સંગઠન બનાવવામાં આવે એવો નિર્ધાર સૌ યુવાનોએ કર્યો હતો. તેમજ સંગઠનલક્ષી કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી હતી.




જલીયાણ સેવા ગ્રુપ દ્વારા વૃધ્ધાશ્રમના વડીલોને બિસ્કીટ અને નાસ્તો તથા ગરમીમાં તડકા સામે રક્ષણ આપતા ગમછાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આંગણવાડીના બાળકો, મુક બધીર શાળાના બાળકો અને મુબારકપુરા અનાથાશ્રમના બાળકોને સક્કરટેટીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર ખાતે રાજયકક્ષાની અન્ડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સ્થિત આઈએઆર યુનિવર્સિટી તથા જિલ્લા રમતગમત વિભાગ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાના ક્રિકેટ ટૂર્નામેન્ટ (અંડર-૧૯-ટી-૧૦)નું આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવતી શાળાઓ તથા વિદ્યાર્થીઓને ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવ્યાં છે.

ક્રિકેટ ટૂર્નામેન્ટ પ્રારંભ તા. ૧૦મી મે ના રોજથી આઈએઆર યુનિવર્સિટી, ગીફ્ટસિટી ઓવરબ્રીજની બાજુમાં, કોબા ખાતે શરૂ કરવામાં આવશે. વિજેતા ટીમ, સ્કૂલ તથા ખેલાડીઓને સર્ટિફિકેટ તથા વિવિધ ટ્રોફી તથા એવોર્ડથી નવાજવામાં આવશે. વધુ માહિતી માટે આઈએઆર યુનિવર્સિટીની વેબસાઈટ www.iar.ac.in પર લોગીન કરવા અથવા ટૂર્નામેન્ટના કો-ઓર્ડિનેટર અવિનાશ પટેલ ૯૩૨૭૧૯૮૪૧૦નો સંપર્ક કરવા જણાવાયુ છે. રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૮ એપ્રિલ રાખવામાં આવી છે જે અનુસાર વહેલા તે પહેલાના ધોરણે ટીમોની પસંદગી કરવામાં આવશે.



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે. તેઓ દાહોદ ખાતે વિશાળ આદિવાસી મહાસંમેલનમાં ભાગ લેશે. રાજ્યની પૂર્વ પટ્ટીમાં વસતા આદિવાસીઓને તેઓ સંબોધન કરશે અને વિવિધ લાભોની વહેંચણી કરશે. આ મહાસંમેલન માટે એશિયાનો સૌથી વિશાળ ડોમ બનાવાયો છે. ૧૭.૯૮ લાખનું ક્ષેત્રફળ ધરાવતો આ વિશાળ ડોમ ફાયરપ્રુફ છે. આખા ડૉમમાં એક પણ થાંભલો ન આવે તેવી રચના કરવામાં આવી છે.

# ગાંધીનગર ખાતે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ યોજના અંતર્ગત સ્વચ્છતા સૈનિક સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

વિશ્વ ધરોહર દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ યોજના અંતર્ગત ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગાંધીનગર, અમદાવાદ અને ખેડા જિલ્લાના ૧૦ સ્વચ્છતા સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતુ.

સ્વચ્છ, સુઘડ, સ્વાવલંબી અને સમૃદ્ધ ગામડાઓ દ્વારા સમૃદ્ધ અને વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૪માં સ્વચ્છ ભારત મિશન શરૂ કર્યું હતુ. આ મિશનને ગુજરાત સરકાર આગળ ધપાવી રહી છે.

મંત્રી ચૌહાણે ઉમેર્યું કે





ગ્રામ વિકાસમંત્રી અર્જુનસિંહ ચૌહાણે સ્વચ્છતા સૈનિકોને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર રાષ્ટ્રના નિર્માણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગામડાઓમાં સ્વચ્છતા સૈનિકો સ્વચ્છતા રાખવા સંબંધી તમામ કામ ઝીણવટતાથી કરી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત''ના સ્વપ્નને ખરા અર્થમાં ચરિતાર્થ કરે છે. ગાંધીજીના સ્વચ્છ રાષ્ટ્રની શરૂઆત સ્વચ્છ આંગણાથી જ થાય છે. આ ભગીરથ અભિયાનને સાકાર કરવા રાજ્ય સરકાર રાજ્યોના નાગરિકોને માર્ગદર્શન અને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડે છે. જેના ભાગરૂપે ગામડાઓમાં સ્વચ્છતા રાખવા હેતુ રાજ્યની પંચાયતોને આગામી સમયમાં પાવડાવાળા ટ્રેકટર આપવાનું આયોજન પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.



ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં આવેલ મોટેરા ખાતે ગણપતિ મંદિર ખાતે નર્સરીચાલીમાં પેવર બ્લોક નાંખવાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું ગતુ. જેમાં બધા નાગરિકો જોડાયા હતા.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

હોય છે..આપણે એને ખોટી જગ્યાએ શોધતા રહીએ છીએ. માધવ ક્યાંય નથી મધુવનમાં. એ છલકાય છે એકમેકના મનમાં..

અનેક વૈભવોથી છલકાતાં શહેરોમાં માણસ એકાકીપણું અનુભવે છે. કયારેક ગુંગળાય છે..આપણી ગ્રામ સંસ્કૃતિમાં અનેક અભાવો વચ્ચે પણ માણસો લીલાછમ રહેતા..કેમકે એકબીજાને સહજ બોલાવવા કે લાગણી વ્યક્ત કરવી એ ગામડાઓમાં સ્વાભાવિક હતું..શહેરના આલીશાન બંગલામાં પરાણે પુરેલા વડિલો ગામડાના ગારમાટીના ઘરને યાદ કરતા હોય ત્યારે આપણને એમનો એ વલોપાત સમજાતો નથી..આપણે જયારે એવી નિર્દોષ લાગણીઓ ખુદ અનુભવીએ છીએ ત્યારે આપણે એનો એકરાર કરતા હોઈએ છીએ.. દરેકને એક તાંતણે બાંધતું તત્વ એ પ્રેમ છે..નિસ્વાર્થ પ્રેમની તોલે આવે એવું કોઈ સુખ હજુ માનવજાતને મળ્યું નથી એ હકિકત છે..માણસ જયારે આ સીધી સાદી વાતને સમજશે ત્યારે એને કોઈ વસવસો સતાવશે નહીં !

## માસ્ટર સ્ટ્રોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રધાનામંત્રીની મુલાકાત સંપન્ન થયા બાદ ગુરૂ, શુક્ર અને શનિ-રવિ દરમ્યાન આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. મળતા નિર્દેશો મુજબ દરેક જિલ્લામાં ૧૦ થી ૧૫ ગામોની પસંદગી કરવામાં આવી છે.

આ સર્વેની કામગીરી બાદ તે અંગેનો ખાસ રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં છેવાડાના માનવીને સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ પહોંચે તે માટે આ નવતર અભિગમ સાથે ''સરકાર આપને દ્વાર'' કાર્યક્રમ અમલી બનાવવા સરકાર જઈ રહી છે. હાલ આ પાયલોટ પ્રોજેકટ તરીકે કાર્યક્રમ અમલી બનાવા જઈ રહ્યો હોવાનું સચિવાલયના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## ઈ-સંવાદ કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણક્ષેત્રે આ પ્રકારની ટેકનોલોજીયુક્ત સેવાને પગલે શિક્ષણની ગુણવત્તાને લઈ મોટા પાયે પરિવર્તન આવી શકે છે તેવી લાગણી ઉપસ્થિત સૌ વાલીઓએ વ્યક્ત કરી હતી.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા વેબ પોર્ટલ અને એપ્લીકેશનના માધ્યમથી છેલ્લા અઢી વર્ષમાં એકમ કસોટી, સત્રાંત પરીક્ષા, વાર્ષિક પરીક્ષાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની રિયલ ટાઈમ ઓનલાઈન હાજરીના ૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓના વિવિધ પ્રકારના ૫૦૦ કરોડ કરતાં વધુ ડેટા પોઈન્ટ્સનું એનાલીસીસ થશે.

## કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૬ લોકોને હોમ આઈસોલેશન હેઠળ મુકવામાં આવ્યા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા ૧૫ થી નીચે આવી જતાં તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા તેમજ સર્વેલન્સ સઘન બનાવવા પર તંત્ર દ્વારા ભાર મુકવામાં આવ્યો છે. શંકાસ્પદ લક્ષણો ધરાવતી વ્યક્તીનો તાકીદે ટેસ્ટ કરવા માટેની સૂચના પણ આપવામાં આવી છે.

## વરસાદની શક્યતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારતીય હવામાન વિભાગે પણ ચોમાસાને લઈને આગાહી કરી હતી. જે મુજબ, ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સરેરાશ કરતાં વધુ વરસાદ પડવાની શક્યતા છે. આઈએમડીના જણાવ્યા અનુસાર, નૈઋત્ય દિશા તરફથી આવતું ચોમાસુ (જૂનથી સપ્ટેમ્બર દરમિયાન) સામાન્ય (એલપીએના ૯૬થી ૧૦૪ ટકા) રહેશે. પેસિફિક પ્રદેશમાં લા નીનાની સ્થિતિ પ્રવર્તી રહી છે.

ચોમાસા દરમિયાન લા નીનાની સ્થિતિ ચાલુ રહે તેવી સંભાવના છે. લા નીનાનો અર્થ થાય છે કે, ભારતમાં વધુ ઠંડી અને વરસાદની સંભાવના છે. મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં ચોમાસાનું આગમન થાય તેવી શક્યતા છે.

## એમવે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડાયરેક્ટર સેલિંગ-મલ્ટી લેવલ માર્કેટિંગ લેવલની આડમાં પિરામિડ ફ્રોડ ચલાવી રહ્યા છે. એજન્સીએ જણાવ્યું કે, તપાસ દરમિયાન તે સામે આવ્યું છે કે, કંપની દ્વારા ઓફર કરવામાં આવી રહેલી પ્રોડક્ટની કિંમત ખુલ્લા બજારમાં હાજર પ્રતિષ્ઠિત ઉત્પાદકોના લોકપ્રિય ઉત્પાદનોની તુલનામાં ઘણી વધારે છે.

# માલધારી સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીને મળી કાયદો પરત ખેંચવા માંગ કરી



ગુજરાત વિધાનસભામાં શહેરી વિસ્તારમાં રખડતાં ઢોર મામલે વિધેયક પસાર કરવામાં આવતાં માલધારી સમાજમાં આક્રોશ ફાટી નિકળ્યો હતો જેના પગલે મુખ્યમંત્રીએ આ કાયદાને હાલ પુરતો સ્થગિત રાખવાનો નિર્ણય લીધો હતો.

જોકે બીજી તરફ પશુપાલકોએ આ કાયદો રદ કરવાની જીદ પકડી છે અને આજે ગુજરાત માલધારી મહાપંચાયતના નેજા હેઠળ માલધારી સમાજના અગ્રણીઓ અને ધર્મગુરુઓએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લઈને આવેદન પત્ર આપીને કાયદો પરત ખેંચવા માટે માંગ કરી હતી. મુખ્યમંત્રીએ માલધારી સમાજને આ બાબતે સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો તેવું માલધારી મહાપંચાયતના અગ્રણીઓએ દાવો કર્યો હતો.